# એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ

નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

**પ્રથમ પ્રિલિમનરી પરીક્ષા - ૨૦૧૩-૨૦૧૪**

| | | |
|---|---|---|
| તારીખ : ૨૭-૧૨-૨૦૧૩ | ધોરણ : ૧૨ | સમય : ૩:૦૦ કલાક |
| વાર : શુક્રવાર | વિષય : ગુજરાતી (એફ.એલ.) | ગુણ : ૧૦૦ |

## વિભાગ : A

**નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **(04)**

1 ચંગામાહુંનો એટલે શું ?

2. નાયિકાએ કિલ્લા પર શું જોયું ?

3. સખીનો ટહૂકો ક્યાં ગૂંજી રહ્યો ?

4. કવિએ કંસુબીનો રંગ ક્યાં રેલાતો જોયો.

**નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** **(04)**

5. 'કૂંચી આપો બાઈજી !' ગીતમાં નવવધૂ શી ફરિયાદ કરે છે ?

6. કંકુના સૂરજ આથમ્યાં એમ કવિ શા માટે કહે છે ?

**નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.** **(08)**

7. 'સત્ય મોટું સહુ કો થકી' કાવ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

8. 'ઘડીક સંગ' ગીતમાં વ્યક્ત થયેલ મનુષ્યનાં જીવનનો મર્મ સમજાવો.

**અથવા**

'આશંકા' કાવ્યનું વકતવ્ય સ્પષ્ટ કરો.

**નીચેની કાવ્ય પંક્તિઓ વાંચી, સમજી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **(04)**

બેઠો બેઠો સખીસહિત હું માલતી મંડપે ત્યાં
ધારા જોતો, શ્રવણ ભરતો નૃત્યથી બુદ્‌બુદોના,
ત્યાં ગૈ ધારા, શમી પણ ગયા બુદ્‌બુદો, ને નિહાળ્યા.
શૈલો, વચ્ચે નભ સમુ, મસ્તકે અભ્ર તારા.

**પ્રશ્નો :**

9. કવિ માલતી મંડપમાં કોની સાથે બેઠા હતા ?

10. કવિને પર્વતો વચ્ચે આકાશ કેવું લાગ્યું ?

11. માલતીમંડપમાં બેસી કવિએ પત્ની સાથે શું જોયું ?

12. કવિએ મસ્તક ઉપર, ઊંચે શું જોયું ?

**નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **(04)**

13. માનવ ધર્મ શેની સાથે જોડાયેલાં છે ?

14. ભરસભામાં દ્રૌપદી શો શાપ આપે છે ?

15. મગન વાયર જોડવાના કેટલા રૂપિયા માગે છે ?

16. નંદુલાલભાઈ સ્વભાવે કેવાં હતાં ?

**નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** **(04)**

17. લોકો ભવાન ભગતને છત્રીસકળાના જાણકાર તરીકે શા માટે ઓળખાતા ?
18. નિકુંજ કઈ કઈ યુક્તિથી નિધિને પિયર જતી અટકાવતો ?

**નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** **(08)**

19. ધર્મલક્ષ્મીનું પાત્રાલેખન કરો.
20. 'ઈંટોના સાત રંગ' નવલિકાને આધારે હરિયાળી હરિલાલભાઈ સુધીની હરિયાળી કારકિર્દીનું વર્ણન કરો.

<u>અથવા</u>

મનુભાઈ ગુગલીનો ક્રિકેટ પ્રેમ વર્ણવો.

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** **(02)**

21. 'ડીમ લાઈટ' પાઠના લેખક કોણ છે ?
22. 'પાણીની દિવાલ' પાઠ કઈ કૃતિમાંથી લેવામાં આવ્યો છે ?
23. 'મારો અસબાબ' પાઠ શેમાંથી લેવામાં આવ્યો છે ?
24. 'મારું બાળપણનું વન' કૃતિ શેમાંથી લેવામાં આવી છે.

**નીચેની ઉક્તિ કોણ બોલે છે અને કોને કહે છે ?** **(02)**

25. શાપમુખીને મૂંગી કરો છો ?
26. તો તો હું તારું કલેજું જ ખાઈ જાઉને ?

## SECTION : B

**નીચે આપેલાં વાક્યો લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારીને ફરીથી લખો.** **(02)**

27. સ્વર્ગસ્થી નંદુલાલ મહેતા એક સાધૂચરિત માણસ હતા.
28. બાઈજી, તમે મને કેવા ખરાબ કટાણે પોખ્યું હતું ?

**નીચેના વાક્યમાં પ્રત્યય ખોટા વપરાયા હોય તો સુધારીને ફરીથી લખો.** **(01)**

29. નજીક ઘરમાંનું બેડું લઈ ગ્રામ સ્ત્રી સંચરે.

**નીચેના વાક્યમાંથી સંયોજકો શોધીને લખો.** **(01)**

30. મારી બા કહેતી હતી કે દરિયો માઝા મૂકે તો સંધુય તાણી જાય.

**નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો શોધીને સામસામે લખો. (ગમે તે ચાર)** **(02)**

| | | | |
|---|---|---|---|
| 31. | કૂંચી | હક | રૂડું |
| 32. | દાવો | સ્વચ્છ | ઝાંઝ |
| 33. | કરતાલ | રાતદિવસ | અધિકાર |
| 34. | શબોરોજ | ચાવી | કુંચિકા |
| 35. | ચંગું | કાંસાજોડાં | નિશદિન |

**નીચે આપેલાં વાક્યોમાંના રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ આપી (અર્થ ન બદલાય તે રીતે) વાક્ય ફરીથી લખો. (ગમે તે ચાર)** **(02)**

36. મગન <u>ઉતાવળે</u> ચાલતો હતો.
37. વૈષ્ણવજન <u>સત્ય</u> બોલે છે.
38. નંદુલાલ ખૂબ <u>પ્રસન્ન</u> રહેતા હતા.
39. અડવાની ફઈએ એને <u>અડધો</u> રોટલો આપ્યો.
40. આવનાર વ્યક્તિની ધાર્મિકતા <u>પ્રસિદ્ધ</u> હતી.

**નીચે આપેલા શબ્દસમૂહો માટે એક શબ્દ આપો. (ગમે તે ચાર)** **(02)**

41. વડની ડાળીમાંથી ફુટીને લટકતું મૂળ.
42. છેલ્લેથી પહેલું
43. ભારત સરકાર તરફથી અપતો ખિતાબ.
44. રાજનીતિમાં પ્રવીણ
45. ધનુષ્યની દોરી

**નીચેના તળપદા શબ્દોનું શિષ્ટરૂપ આપો.** **(01)**

46. વિણ
47. દાભડી

**નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.** **(02)**

48. નાકલીટી તાણવી
49. ટકાનું ય ન હોવું

**નીચેના શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો. (ગમે તે બે)** **(01)**

50. મીતાક્ષરિ
51. પરણિયો
52. શીરીષ

**નીચે આપેલાં વાક્યોને પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ ગોઠવીને ફરીથી લખો. (ગમે તે બે)** **(02)**

53. ધાર્મિક તમને ન તો જ આવે આપવાની છે બાધ.
54. ખજાનો કોઈને મોંઘો ખબર પડે દાટીને તેમ ન પડે સંતાડવો.
55. લાગ્યું આકાશ વચ્ચે પર્વતો કેવું ?

**નીચે આપેલાં વાક્યોને સાદાં વાક્યો રૂપે છૂટાં પાડી ફરીથી લખો. (ગમે તે બે)** **(02)**

56. હું એકલો રોજ બગીચે જતો પણ એ સમયે તેઓ અચૂક આવી પહોંચતા.
57. એમના પિતા તરણાથીયે નમ્ર અને તરૂવર જેવા સહિષ્ણું વૈષ્ણવ હતા.
58. શેરીના વિકાસનો એ ઈતિહાસ રસિક જરૂર છે. પણ આજે એ પ્રસ્તુત લાગે છે.

**નીચે આપેલાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યો રૂપે ફરીથી લખો. (ગમે તે બે)** **(02)**

59 તમારાથી થતું નથી. મારે હાથે થવા દેતા નથી.

60. જ્યારે સામે કાંઠે ચાલ્યો જતો હતો ત્યારે પણ મેં ધૂંઆધારનું વર્ણન કર્યું હતું.

61 શેરીના વિકાસનો એ ઈતિહાસ રસિક જરૂર છે. પણ આજે એ અપ્રસ્તુત લાગે છે.

## SECTION : C

**નીચેનો ગદ્યખંડ વાંચીને આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **(05)**

માણસના મનની અંદર હંમેશાં બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે. તે જોઈ શકે છે. શરીર, મગજ અને મન એ બધાં નોખાં તપાસવા. એ આપણું કામ છે. પણ તેટલેથી અટકી જઈએ તો એનું જ્ઞાન મેળવ્યા છતાં આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહી. અન્યાય, દૃષ્ટતા. અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે. અને જ્યાં એ ત્રણ વસ્તુ હોય છે. ત્યાં કેવી ખરાબી થાય છે. એ જાણવાની જરૂર છે. અને એ જાણ્યેથી પણ બસ નથી, પણ જાણ્યા પછી એ પ્રમાણે વર્તવાનું છે. નીતીનો વિચાર તો 'આર્કિટેક્ટ'ના નકશા જેવો છે. નકશો ઘર કેમ બાંધવું તે બતાવે છે, પણ જેમ ચણતર ન કર્યુ હોય તો નકશો નકામો થઈ પડે છે, તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યુ હોય તો નીતિનો વિચાર નકામો થઈ પડે છે. ઘણા માણસો નીતિનાં વચનો યાદ કરે છે. તે વિશે ભાષણો કરે છે. પણ તે પ્રમાણે ચાલતા નથી. અને ચાલવા માગતા પણ નથી. કેટલાક વળી એમ માને છે કે નીતિના વિચારો આ લોકમાં નહીં પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે. આ કંઈ વખાણવા લાયક વિચાર ગણાય જ નહી. એક વિચારવાન માણસે કહ્યું છે કે જો આપણે સંપૂર્ણ થવું જ હોય તો આજથી જ ગમે તે દુઃખો સહન કરીને, નીતિ પ્રમાણે ચાલવું જોઈએ.

**<u>પ્રશ્નો :-</u>**

62 માણસના મનમાં કેટલી બારીઓ રહેલી છે ? તે શા ઉપયોગમાં આવે છે ?

63. સંપૂર્ણ થવા માટે મનુષ્યે શું કરવું જોઈએ ?

64 નીતિના વિચારની સરખામણી માટે ગાંધીજીએ શાનું દૃષ્ટાંત આપ્યું છે.

65. અન્યાય, દુષ્ટતા અને અભિમાનના કેવા પરિણામ આવે છે ? એ દૂર કરવા મનુષ્યે શું કરવું જોઈએ ?

66 ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**નીચેનું કાવ્ય વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર તમારી ભાષામાં લખો.** **(05)**

માણસ મરી જાય પછી
થોડા દિવસ
કરૂણ શબ્દોની ઊડા ઉડ
હોસ્પિટલની લોબીમાં ફરતાં સગાંવહાલાં જેવી
ઠાલા વચનોની અવરજવર
થોડા દિવસ
"ગીતા ને 'ગરૂડપુરાણ'ની હવા,
પછી બેન્ક બેલેન્સની પૂછપરછ,
પછી મરનારનાં પુરુષાર્થના
ગુણગાનની ભરતી અને ઓટ.

રેશન કાર્ડમાંથી નામની બદબાકી
છેવટે રોજની જેમ સૂર્ય ઉગે છે.
રોજની જેમ સૂર્ય આથમે છે.
કંકુ ડબી પર જાણે કે
શબની આદર ઢંકાઈ જાય છે.
કંકણોની પાંપણો ટપક્યા કરે છે અને
મંગલસૂત્ર ઝૂર્યા કરે છે.

<u>પ્રશ્નો :-</u>

67. માનવીના મૃત્યુ પછી મરનારના ઘરમાં શું સાંભળવા મળે છે ?
68. 'ગીતા' અને 'ગરૂડપુરાણ' દ્વારા કવયિત્રી શાનું સૂચન કરે છે ?
69. મરનારના ગુણગાનની શી સ્થિતિ થાય છે ?
70. આ કાવ્યમાં કયા ત્રણ સૌભાગ્ય ચિહ્નોનો ઉલ્લેખ થયો છે ?
71. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**નીચેના ગદ્યખંડનું આશરે ૧/૩ ભાગમાં સંક્ષેપીકરણ કરી યોગ્ય શીર્ષક આપો.** **(05)**

વ્યક્તિ માટે શું કે સમાજ માટે શું, જીવનના ત્રણ પ્રકાર છે, બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ. આને જ જીવન કલહ કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે. એટલો જ એમાં લાભ છે. પણ એમાં જીવન સાફલ્ય્ નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. દરેક જાતિ, રાષ્ટ્ર કે ધર્મ પોતાની વિશેષતાને કારણે જ એકાંગી હોય છે. એકબીજાના સહકારથી એ એકાંગીપણું મટી જાય છે. અને તેથી જીવનનો વિકાસ થાય છે. આમાં જીવનનો ઉત્કર્ષ છે, પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી. દેખાતી જીવન પણ અંતે આત્મ સાક્ષાત્કારનું સાધન જ છે. એ સાર્થક્ય ધ્યાનમાં આવ્યા પછી સ્વાર્પણ માટે જીવવું એ મનુષ્ય હૃદય ને સ્ફૂરે છે. આ સ્વાર્પણ દ્વારા જે જીવન લાધે છે. તે કાંઈક જુદુ જ છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ સમજાય છે, અને સફળ બને છે.

## <u>SECTION : D</u>

73 તમે રહો છો તેની આજુબાજુના લતામાં અસામાજિક તત્વોનો ત્રાસ વધી ગયો છે. એ બાબતોની ફરિયાદ કરતી અરજી પોલિસ કમિશ્નરશ્રીને સંબોધીને લખો. **(05)**

**74. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આસરે 200 થી 250 શબ્દોમાં આપેલાં મુદ્દાઓ ધ્યાનમાં રાખીને નિબંધ લખો.** **(10)**

<u>જીવનમાં પ્રવાસનું મહત્વ :</u>

પ્રવાસ દ્વારા પ્રકૃતિની સુંદરતાનો પરિચય ઐતિહાસિક પ્રવાસ દ્વારા મળતું જ્ઞાન ધાર્મિક પ્રવાસ દ્વારા મળતી સંસ્કારિકતા - સુષુપ્ત શક્તિનો વિકાસ - જીવનનો સાચો આનંદ.

<u>અથવા</u>

<u>સમાજમાં કન્યા - કેળવણીનું મહત્વ</u>

પ્રસ્તાવના - કન્યા કેળવણી દ્વારા સમાજની સુધારણા - વર્તમાન યુગમાં સ્ત્રીની ભૂમિકા - નારી પુરુષ સમોવડી - ઉપસંહાર.

<u>**અથવા**</u>

<u>**મધ્યમવર્ગની હાડમારીઓ**</u>

પ્રસ્તાવના - વિવિધવર્ગ - અન્ય વર્ગની સાથે મધ્યમવર્ગની તુલના - વધતી જતી મોંઘવારી - વ્યવહાર નિભાવવાની મુશ્કેલી - જીવન ધોરણની સપાટી - ઊપસંહાર.

75. **નીચેની પંક્તિઓનો વિચાર વિસ્તાર આશરે 100 શબ્દોમાં લખો.** **(05)**

"ગમે ના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ,
સાધુતા નહિ વાર્ધક્યે વ્યર્થ તો જિંદગીક્રમ."

76 **નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ગદ્યખંડ ફરીથી લખો.** (05)

કહું છું કહું છું હમણાં જ કહું છું પહેલા આ તારા કપડાનું કબાટ બરાબર જોઈ લે તારી એકય સાડી ની ગડી ચૂંથાઈ નથી. અને મારા આ મસલ્સ તો જો પંદર દિવસમાં બનાવી છે. ને તબિયત હવે તો ખુશ ને અને કપડાં પણ જો મારા છે ક્યાંય ડાંઘ કે કચરલી પલંગની ચાદર પણ જોઈ લેજે તારે બદલવાની કે ફરિયાદ કરવાની રહેશે જ નહિ.

•••